# ભારતીય નૌકાદળ અધિકારી

ભારતીય નૌકાદળ (ઈન્ડિયન નેવી) એ ભારતીય સશસ્ત્ર દળોની દરિયાઈ શાખા છે અને વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત દરિયાઈ સૈન્ય દળો પૈકીની એક છે. ભારતીય નૌકાદળ અધિકારી (ઈન્ડિયન નેવી ઓફિસર) પાસેથી દેશ સામેના કોઈપણ તેમજ તમામ દરિયાઈ ખતરાઓને અટકાવવા તથા દેશ સામેના કોઈપણ જોખમને નિષ્ક્રિય કરવામાં અન્ય બે સશસ્ત્ર દળો (સેના અને વાયુસેના)ને મદદરૂપ થવા માટેની અપેક્ષા રાખવામાં આવે છે. એક ભારતીય નૌકાદળ અધિકારીની કામગીરીમાં નેવિગેશન, ફસાયેલા લોકોને બચાવવા અને ભારે મશીનરીની સામાન્ય દેખભાળ અને જાળવણી કરવાનો પણ સમાવેશ થાય છે.



## વ્યક્તિગત નિપુણતા

- લોકોને મદદ કરવી તમને ગમે છે
- તમને બહાર કામ કરવાનું ગમે છે
- તમે દેશની સેવા કરવા અને શૌર્ય પ્રદર્શિત કરવા માટે ઉત્સુક છો
- સ્પષ્ટ સૂચનાઓને અનુસરવાનું તમને પસંદ છે

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૬,૦૦૦ થી ૧૦,૪૬,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in**ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in**ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો. વિજ્ઞાન પ્રવાહ (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિત) ઈચ્છનિય છે.

૨. ત્યારબાદ, તમારે લેખિત પરીક્ષા અને પછી ઈન્ટરવ્યૂમાંથી પસાર થવું પડશે. તમામ ઉમેદવારોએ શારીરિક અને તબીબી કસોટીઓ પાસ કરવી પડશે. **અથવા**

વિજ્ઞાન પ્રવાહના કોઈ પણ વિષય સાથે સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો અને કમ્બાઈન્ડ ડિફેન્સ સર્વિસ પરીક્ષા અને ઈન્ટરવ્યુ આપો. તમામ ઉમેદવારો શારીરિક અને તબીબી પરીક્ષણો પાસ કરવા જરૂરી છે. **અથવા**

તકનીકી પ્રવેશ માટે, એન્જિનિયરિંગ કોર્સમાં પ્રવેશ માટેની પરીક્ષાઓ જેવીકે જે.ઈ.ઈ. એડવાન્સ્ડ, JEE એડવાન્સ્ડ, JEE મેઈન, MET, VITE EE, MHT CET, SRM JEE, COMEDK., UGET, KCET વગેરે પાસ કરી એન્જિનિયરિંગમાં સ્નાતકની ડિગ્રી (B.Tech/BE) પ્રાપ્ત કરો.

ભારતીય સશસ્ત્ર દળોમાં પ્રવેશ માટે, તમારે વિવિધ લેખિત પરીક્ષાઓ, એક એસ.એસ.બી. ઈન્ટરવ્યુ અને વિવિધ તબીબી પરીક્ષાઓ પાસ કરવા આવશ્યક છે, ત્યારબાદ તમે ઓફિસર્સ ટ્રેનિંગ એકેડેમીમાં જોડાઈ શકો છો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપલે આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

એક ભારતીય નોકાદળ અધિકારીનું માસિક વેતન વેતન **રૂ. ૫૬,૧૦૦ થી ૨,૫૦,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત: https://www.joinindiannavy.gov-.in/en/page/pay-scale-of-officers.html

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** તમે ભારતીય નૌકાદળમાં એક્ઝિક્યુટિવ, એન્જિનિયરિંગ, ઈલેક્ટ્રિકલ જેવી મુખ્ય શાખાઓમાં વ્યાપક રીતે વર્ગીકૃત થયેલ ૧૪ કેડરમાંથી કોઈપણ એકમાં જોડાઈ શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** સામાન્ય રીતે અઠવાડિયામાં ૬ થી ૭ દિવસ, પ્રતિ દિવસ ૮ થી ૯ કલાક ફરજ બજાવવાની હોય છે. શિફ્ટ સિસ્ટમ અમલમાં છે. તમારી પાસેથી પડકારજનક પરિસ્થિતિઓનો સામનો કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. મોટા ભાગે બહારની કામગીરી કરવાની રહે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

સબ લેફ્ટનન્ટ → લેફ્ટનન્ટ કમાન્ડર → કમાન્ડર → કમાન્ડર → કેપ્ટન → કોમોડોર → રીઅર એડમિરલ → વાઈસ એડમિરલ → એડમિરલ → ગ્રાન્ડ એડમિરલ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ઈન્ડિયન,  નેવી ઈન્ડિયન નેવી કોમ્બેટ ઓફિસર, ઈન્ડિયન નેવી જોબ્સ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સંરક્ષણ સંસ્થાઓ**

૧. નેશનલ ડિફેન્સ એકેડમી (NDA), પુણે - નેવલ કેડેટ્સને નેશનલ ડિફેન્સ એકેડમીમાં સંરક્ષણ તાલીમ લેવી પડે છે.

૨. ઈન્ડિયન નેવલ એકેડેમી (INA), કેરળ - નેવલ કેડેટ્સ તેમની મૂળભૂત સંરક્ષણ તાલીમ પછી, નૌકાદળ સંબંધી તાલીમ પ્રાપ્ત કરવા માટે ભારતીય નેવલ એકેડેમી અથવા આઈ.એન.એસ. ચિલ્કા જાય છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ



## સાફલ્ય ગાથા

**આર. મીરા** - અચનાકલ ગામના વતની છે. મીરા બડાગાસના પ્રથમ મહિલા નેવલ ઓફિસર છે, જે નીલગિરિ પ્રદેશનો સૌથી મોટો વંશીય સમુદાય છે. ૨૨ અઠવાડિયાની તાલીમ પૂર્ણ કર્યા બાદ, તેણી કેરળના એઝિમાલામાં ભારતીય નેવલ એકેડેમીમાંથી સ્નાતક થયા અને ત્યારબાદ કોચીમાં નૌકાદળના શસ્ત્ર નિરીક્ષક કેડરમાં ફરજમાં જોડાયા અને સબ-લેફ્ટનન્ટ બન્યા.*

સ્ત્રોત: https://www.deccanchronicle.com/nation/in-other-news/300522/meera-first-badaga-woman-to-become-naval-officer.html

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.